| | | ૫ | સેજપુરા |
| | | ૬ | છત્રાલ |
| | | ૭ | ડાંગીકુવા |
| | | ૮ | ખાનપુરા |
| ૨ | ચાંદોદ | ૧ | ચાંદોદ |
| | | ૨ | માંડવા |
| | | ૩ | નંદેરીયા |
| | | ૪ | ભીમપુરા (નં) |
| | | ૫ | ફુલવાડી |
| | | ૬ | ગામડી (ફુ) |
| ૩ | ચનવાડા | ૧ | ચનવાડા |
| | | ૨ | ભીલોડીયા |
| | | ૩ | આસોદરા |
| | | ૪ | નાગડોલ |
| | | ૫ | અરણીયા |
| | | ૬ | આસગોલ |
| | | ૭ | ધર્માપુરા |
| | | ૮ | પરા |
| | | ૯ | સુરજઘોડા |
| ૪ | ઢોલાર | ૧ | ઢોલાર |
| | | ૨ | કરાલી |
| | | ૩ | કડધરા |
| | | ૪ | કડધરાપુરા |
| | | ૫ | અબ્દલાપુરા |
| | | ૬ | ગોજાલી |
| | | ૭ | કરાલીપુરા |
| ૫ | કરનાળી | ૧ | કરનાળી |
| | | ૨ | બગલીપુરા |
| | | ૩ | ભાલોદરા |
| | | ૪ | સોમપુરા |
| | | ૫ | અકોટી |
| | | ૬ | પારાગામ |
| | | ૭ | ભુમસીયા |
| | | ૮ | જેસંગપુરા |
| ૬ | કરણેટ | ૧ | કરણેટ |
| | | ૨ | સીતપુર |
| | | ૩ | જુનીમાંગરોલ |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | નવી માંગરોલ |
| | | ૫ | ભીમપુરા(કુ) |
| | | ૬ | બોરીયાદ |
| ૭ | કાયાવરોહણ-૧ | ૧ | કાયાવરોહણ (વોર્ડ નં. ૪ થી ૧૨) |
| ૮ | કાયાવરોહણ-૨ | ૧ | કાયાવરોહણ (ગ્રામ પંચાયત વોર્ડ નં. ૧ થી ૩) |
| | | ૨ | મેનપુરા |
| | | ૩ | કુવરપુરા |
| | | ૪ | નાના ફોફળીયા |
| | | ૫ | પુનીયાદ |
| ૯ | કુંઢેલા | ૧ | કુંઢેલા |
| | | ૨ | મહંમદપુરા |
| | | ૩ | મોસમપુરા |
| | | ૪ | બહેરામપ્રુઆ |
| | | ૫ | મલ્હારપુરા |
| | | ૬ | વાલીપુરા |
| | | ૭ | પલાસવાડા |
| ૧૦ | લીંગસ્થળી | ૧ | લીંગસ્થળી |
| | | ૨ | કરમાલ |
| | | ૩ | પારીખા |
| | | ૪ | સુલ્તાનપુરા |
| | | ૫ | બાણજ |
| ૧૧ | મંડાળા | ૧ | મંડાળા |
| | | ૨ | મોટા હબીપુરા |
| | | ૩ | કોઠારા |
| ૧૨ | નડા | ૧ | નડા |
| | | ૨ | થરવાસા |
| | | ૩ | બોરબાર |
| | | ૪ | બારીપુરા |
| | | ૫ | વખતપુરા |
| | | ૬ | ફરતીકુઈ |
| | | ૭ | હાંસાપુરા |
| ૧૩ | પણસોલી | ૧ | પણસોલી |
| | | ૨ | વઢવાણા |
| | | ૩ | અકોટાદર |
| | | ૪ | કુકડ |
| | | ૫ | સમશેરપુરા |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૪ | સાઠોદ | ૧ | સાઠોદ |
| | | ૨ | પિસાઈ |
| | | ૩ | શિરોલા |
| ૧૫ | સીમળીયા | ૧ | સીમળીયા |
| | | ૨ | ગોપાલપુરા |
| | | ૩ | અમરેશ્વર |
| | | ૪ | લુણાદરા |
| | | ૫ | બંબોજ |
| | | ૬ | સુવાલજા |
| ૧૬ | તેનતલાવ | ૧ | તેનતલાવ |
| | | ૨ | માનપુરા |
| | | ૩ | સણોર |
| | | ૪ | રાજપુરા |
| | | ૫ | ગુમાનપુરા |
| | | ૬ | ઓરડી |
| ૧૭ | થુવાવી | ૧ | થુવાવી |
| | | ૨ | ભીલાપુર |
| | | ૩ | નવાપુરા |
| | | ૪ | અંબાવ |
| | | ૫ | બનૈયા |
| ૧૮ | વડજ | ૧ | વડજ |
| | | ૨ | ગામડી (ક) |
| | | ૩ | કનાયડા |
| | | ૪ | ધર્મપુરી |
| ૧૯ | વણાદરા | ૧ | વણાદરા |
| | | ૨ | વાયદપુરા |
| | | ૩ | માવલી |
| | | ૪ | ભાવપુરા |
| | | ૫ | કુવરવાડા |
| | | ૬ | રસુલપુરા |
| | | ૭ | સેગુવાડા |
| ૨૦ | વસઈ | ૧ | વસઈ |
| | | ૨ | વસઈપુરા |
| | | ૩ | મોરપુરા |
| | | ૪ | પુડા |
| | | ૫ | દંગીવાડા |
| | | ૬ | નારણપુરા |
| | | ૭ | પ્રયાગપુરા |

**તાલુકા પંચાયત : કરજણ**

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | અણસ્તુ | ૧ | અણસ્તુ |
| | | ૨ | પિંગલવાડા |
| | | ૩ | ખેરડા |
| | | ૪ | હરસુંડા |
| | | ૫ | માનપુર |
| ૨ | ચોરંદા | ૧ | ચોરંદા |
| | | ૨ | બચાર |
| | | ૩ | કલ્લા |
| | | ૬ | લતીપુરટીંબી |
| ૩ | દેથાણ | ૧ | દેથાણ |
| | | ૨ | લાકોદરા |
| | | ૩ | ઓસલામ |
| | | ૪ | અટાલી |
| ૪ | ધાવટ | ૧ | ધાવટ |
| | | ૨ | જુની જીથરડી |
| | | ૩ | નવી જીથરડી |
| | | ૪ | ભરથાલી |
| | | ૫ | ભરથાણા |
| | | ૬ | સાંદરણા |
| ૫ | હાંડોદ | ૧ | હાંડોદ |
| | | ૨ | સંભોઈ |
| | | ૩ | સુરવાડા |
| | | ૪ | અભરા |
| | | ૫ | કણભા |
| | | ૬ | બોડકા |
| ૬ | કંડારી | ૧ | કંડારી |
| | | ૨ | વેમારડી |
| | | ૩ | માંગલેજ |
| ૭ | કરમડી | ૧ | કરમડી |
| | | ૨ | ખાંધા |
| | | ૩ | કંબોલા |
| | | ૪ | કુરાઈ |
| ૮ | કોલીયાદ | ૧ | કોલીયાદ |
| | | ૨ | શરૂપુરટીંબી |
| | | ૩ | ઉરદ |
| | | ૪ | કિયા |
| | | ૫ | દીવી |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૯ | કુરાલી | ૧ | કુરાલી |
| | | ૨ | ગણપતપુરા |
| | | ૩ | બામણગામ |
| | | ૪ | ધનોરા |
| | | ૫ | ગંધારા |
| ૧૦ | મિંયાગામ | ૧ | મિંયાગામ |
| | | ૨ | ધામણજા |
| | | ૩ | વડવા |
| ૧૧ | મોટીકોરલ | ૧ | મોટીકોરલ |
| | | ૨ | નાનીકોરલ |
| | | ૩ | પુરા |
| | | ૪ | આલમપુરા |
| | | ૫ | રારોદ |
| | | ૬ | શેરપુરા |
| ૧૨ | સામરી | ૧ | સામરી |
| | | ૨ | સામરા |
| | | ૩ | કરણ |
| | | ૪ | કંથારીયા |
| | | ૫ | શનાપુર |
| | | ૬ | સણીયાદ |
| ૧૩ | સાંપા | ૧ | સાંપા |
| | | ૨ | ચોરભુજ |
| | | ૩ | વિરજઈ |
| | | ૪ | ઉમજ |
| | | ૫ | માંગરોલ |
| ૧૪ | સાંસરોદ | ૧ | સાંસરોદ |
| | | ૨ | હલદરવા |
| ૧૫ | સારીંગ | ૧ | સારીંગ |
| | | ૨ | પાછીયાપુરા |
| | | ૩ | દેલવાડા |
| | | ૪ | માત્રોજ |
| | | ૫ | સોમજ |
| | | ૬ | ઓઝા |
| | | ૭ | અરજનપુરા |
| ૧૬ | સાયર | ૧ | સાયર |
| | | ૨ | લીલોડ |
| | | ૩ | રોપા |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | માલોદ |
| | | ૫ | સગડોળ |
| ૧૭ | સીમળી | ૧ | સીમળી |
| | | ૨ | રણાપુર |
| | | ૩ | કોઠીયા |
| | | ૪ | ફતેપુર |
| | | ૫ | દેરોલી |
| | | ૬ | કહોણા |
| | | ૭ | હીરજીપુરા |
| | | ૮ | બકાપુર |
| ૧૮ | વલણ-૧ | ૧ | વલણ-૧ (વોર્ડ ૧ થી ૧૦) |
| ૧૯ | વલણ-૨ | ૧ | વલણ-૨ (વોર્ડ ૧૧ થી ૧૪) |
| | | ૨ | મેસરાડ |
| | | ૩ | માંકણ |
| ૨૦ | વેમાર | ૧ | વેમાર |
| | | ૨ | કોઠાવા |
| | | ૩ | કાસમપુરા |
| | | ૪ | નિશાળીયા |
| | | ૫ | મેથી |
| | | ૬ | છંછવા |

**તાલુકા પંચાયત: વાઘોડીયા**

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | અડીરણ | ૧ | અડીરણ |
| | | ૨ | સરણેજ |
| | | ૩ | ખંડીવાડા |
| ૨ | અલવા | ૧ | અલવા |
| | | ૨ | ગજાદરા |
| | | ૩ | ભાડોલખુર્દ |
| | | ૪ | કમલાપુરા |
| | | ૫ | ઉમરવા |
| | | ૬ | રોપા |
| | | ૭ | મસ્તુપુરા |
| ૩ | આમોદર | ૧ | આમોદર |
| | | ૨ | પીપળીયા |
| | | ૩ | હનુમાનપુરા |
| | | ૪ | પવલેપુર |
| | | ૫ | બાકરોલ |
| | | ૬ | શ્રી પોર ટીબી |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૪ | આસોજ | ૧ | આસોજ |
| | | ૨ | પાંચદેવલા |
| | | ૩ | લીલોરા |
| | | ૪ | અભરામપુરા |
| ૫ | ગોરજ | ૧ | ગોરજ |
| | | ૨ | વલવા |
| | | ૩ | ગંભીરપુરા |
| | | ૪ | ચીપટ |
| | | ૫ | હમીરપુરી |
| | | ૬ | ઘરોલા |
| ૬ | ગુતાલ | ૧ | ગુતાલ |
| | | ૨ | જુના રામપુરા |
| | | ૩ | નવા રામપુરા |
| | | ૪ | નવગામા |
| ૭ | જરોદ | ૧ | જરોદ |
| ૮ | કામરોલ | ૧ | કામરોલ |
| | | ૨ | ભણીયારા |
| | | ૩ | ગણેશપુરા |
| | | ૪ | અમરેશ્વર |
| ૯ | ખેડા કરમસીયા | ૧ | ખેડા કરમસીયા |
| | | ૨ | વ્યંકટપુરા |
| | | ૩ | જાફરપુરા |
| | | ૪ | કોદરવાયા |
| | | ૫ | અમૃતપુરા |
| ૧૦ | કોટંબી | ૧ | કોટંબી |
| | | ૨ | રાહકુઈ |
| | | ૩ | ઈટોલી |
| ૧૧ | લીમડા | ૧ | લીમડા |
| | | ૨ | દત્તપુરા |
| | | ૩ | મઢેલી |
| | | ૪ | વેજલપુર |
| ૧૨ | રાજપુરા | ૧ | રાજપુરા |
| | | ૨ | હાસાપુરા |
| | | ૩ | બોડીદ્રા |
| | | ૪ | પાલડી |
| ૧૩ | રસુલાબાદ | ૧ | રસુલાબાદ |
| | | ૨ | સાકરીયા |
| | | ૩ | કુમેઠા |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | ભાવપુરા |
| | | ૫ | મોરલીપુરા |
| ૧૪ | રવાલ | ૧ | રવાલ |
| | | ૨ | રાયણતલાવડી |
| | | ૩ | ખંધા |
| | | ૪ | સણોલી |
| | | ૫ | નવા આજવા |
| ૧૫ | સૈડાલ | ૧ | સૈંડાલ |
| | | ૨ | કછોટા |
| | | ૩ | નુરપુરી |
| | | ૪ | મોટી માણેકપુર |
| | | ૫ | નાની માણેકપુર |
| | | ૬ | રૂસ્તમપુરા |
| | | ૭ | કોબા |
| | | ૮ | ઘોડા |
| ૧૬ | સાંગાડોલ | ૧ | સાગાડોલ |
| | | ૨ | વેસણીયા |
| | | ૩ | ડુંડેલાવ |
| | | ૪ | ચાંદપુરા |
| | | ૫ | દંખેડા |
| ૧૭ | સિંકદરપુરા | ૧ | સિંકદરપુરા |
| | | ૨ | નિમેટા |
| | | ૩ | જેસીંગપુરા |
| | | ૪ | ચીપડ |
| | | ૫ | નવીજાબુવાઈ |
| ૧૮ | તરસવા | ૧ | અંટોલી |
| | | ૨ | કરમાલીયાપુરા |
| | | ૩ | જાબુંવાડા |
| | | ૪ | તરસવા |
| | | ૫ | ગુગલપુર |
| | | ૬ | ખેરવાડી |
| ૧૯ | વસવેલ | ૧ | વસવેલ |
| | | ૨ | આશા |
| | | ૩ | અંબાલી |
| | | ૪ | ઘોડાદરા |
| | | ૫ | વેડપુર |
| ૨૦ | વ્યારા | ૧ | વ્યારા |
| | | ૨ | ફલોડ |

**તાલુકા પંચાયત : શિનોર**

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | આનંદી | ૧ | આનંદી |
| | | ૨ | વણીયાદ |
| | | ૩ | સતીષાણા |
| ૨ | અવાખલ | ૧ | અવાખલ |
| | | ૨ | અચીસરા |
| ૩ | બરકાલ | ૧ | બરકાલ |
| | | ૨ | ઝાંઝડ |
| | | ૩ | અંબાલી |
| ૪ | કુકસ | ૧ | કુકસ |
| | | ૨ | સિમળી |
| | | ૩ | તેરસા |
| ૫ | માલસર | ૧ | માલસર |
| | | ૨ | માંડવા |
| ૬ | મોટા ફોફળીયા | ૧ | મોટા ફોફળીયા |
| | | ૨ | કંજેઠા |
| | | ૩ | દામાપુરા |
| ૭ | મોટા કરાળા | ૧ | મોટા કરાળા |
| | | ૨ | મોલેથા |
| | | ૩ | બિથલી |
| | | ૪ | દરીયાપુરા |
| ૮ | પુનિયાદ | ૧ | પુનિયાદ |
| | | ૨ | સાંધા |
| | | ૩ | દામનગર |
| | | ૪ | ભેખડા |
| | | ૫ | છાણભોઇ |
| ૯ | સાધલી-૧ | ૧ | સાધલી બ્લોક નં ૧ થી ૮ |
| ૧૦ | સાધલી-૨ | ૧ | સાધલી બ્લોક નં ૯ થી ૧૨ |
| | | ૨ | માંજરોલ |
| ૧૧ | સેગવા | ૧ | સેગવા |
| | | ૨ | માલપુર |
| | | ૩ | નાના કરાળા |
| ૧૨ | શિનોર-૧ | ૧ | શિનોર બ્લોક નં ૧ થી ૬ |
| ૧૩ | શિનોર-૨ | ૧ | શિનોર બ્લોક નં ૭ થી ૧૨ |
| ૧૪ | સુરાશામળ | ૧ | સુરાશામળ |
| | | ૨ | મિંઢોળ |
| | | ૩ | દિવેર |

| અ.નં. | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૫ | ટીંબરવા | ૧ | ટીંબરવા |
| | | ૨ | ગરાડી |
| | | ૩ | નાના હબીપુરા |
| ૧૬ | ઉતરાજ | ૧ | ઉતરાજ |
| | | ૨ | બાવળીયા |
| | | ૩ | ટીંગલોદ |
| | | ૪ | તરવા |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

---

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**વડોદરા જિલ્લાની ડભોઈ તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત)ની રચના અંગેનો પ્રાથમિક આદેશ**

**ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૫-ડભોઈ-તા.પં.-૨૦૨૬**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ ૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: KPV-69-DC-ELC-L-4-TP-32-2025, તા. ૨૩-૧૨-૨૦૨૫ (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે ડભોઈ તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી | બિનઅનામત સામાન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| વડોદરા | ડભોઈ | ૨૦ | ૧ | ૦ | ૪ | ૪ | ૧ | ૧ | ૪ | ૫ |

૨. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ ૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ ૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ ૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે:

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી સૌથી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળો રચવામાં આવ્યાં હોય તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારુ ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાનાં થતાં હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ નો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે સૌથી નીચેના ક્રમાંક મુજબના લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, લખતર ગામના વોર્ડ નં. ૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં. ૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " સામાન્ય ક્રમાંક " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ૨, ૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી જે તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે અંગે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું નિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે(તે વર્ગની મહિલાઓ સહિત)ની અનામત બેઠકોની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળોના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા તથા જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે એકસરખી જ રાખવાનું શક્ય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની અન્ય સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો / અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધે પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલવે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગને મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી, ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકે છે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ-૧૬ તથા નિયમોના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાની વસતી ૧૨૫૬૨૩ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૬૨૮૧ હોવી જોઈએ. જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ ૭૨૨૩ તથા લઘુત્તમ ૫૩૩૯ હોઇ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ એક જ તાલુકામાં આવેલ કોઈ જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલવે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

| **અ.નં.** | **મતદાર મંડળ** | | **મતદાર મંડળની વસતી** | **તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટની ટકાવારી** |
|---|---|---|---|---|
| | **સામાન્ય ક્રમાંક** | **નામ** | | |
| ૧ | ૨ | ચાંદોદ | ૭૩૨૮ | (+)૧.૪૫ |
| ૨ | ૨૦ | વસઇ | ૫૦૮૬ | (-)૪.૭૪ |

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ વડોદરા જિલ્લાની ડભોઇ તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની | | | મતદાર મંડળની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનુસૂચિત જાતિની | | | અનુસૂચિત આદિજાતિની | | |
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| ૧ | અંગુઠણ | ૧ | અંગુઠણ | ૧૧૭૭ | ૯૭ | | | ૫૫૬ | | |
| | | ૨ | નારીયા | ૧૧૩૯ | ૧૧૦ | | | ૪૧૦ | | |
| | | ૩ | ઠીકરીયા | ૨૭૮ | ૦ | | | ૨૭૩ | | |
| | | ૪ | રાજલી | ૭૮૯ | ૩૧ | | | ૩૪૫ | | |
| | | ૫ | સેજપુરા | ૪૨૧ | ૩૯ | | | ૩૧૨ | | |
| | | ૬ | છત્રાલ | ૧૧૭૦ | ૧૦૦ | | | ૩૪૭ | | |
| | | ૭ | ડાંગીકુવા | ૩૮૯ | ૭૨ | | | ૮૬ | | |
| | | ૮ | ખાનપુરા | ૯૧૮ | ૧૦૯ | | | ૨૧૪ | | |
| કુલ એકંદરે | | | | ૬૨૮૧ | ૫૫૮ | ૮.૮૮ | ૨ | ૨૫૪૩ | ૪૦.૪૯ | ૧૧ |
| ૨ | ચાંદોદ | ૯ | ચાંદોદ | ૩૦૧૯ | ૮૬ | | | ૩૬૩ | | |
| | | ૧૦ | માંડવા | ૨૭૯૨ | ૧૨૪ | | | ૬૮૯ | | |
| | | ૧૧ | નંદેરીયા | ૫૫૪ | ૫૬ | | | ૧૨૪ | | |
| | | ૧૨ | ભીમપુરા (નં) | ૨૩૨ | ૦ | | | ૧૯૫ | | |
| | | ૧૩ | ફુલવાડી | ૫૯૩ | ૦ | | | ૩૬૫ | | |
| | | ૧૪ | ગામડી (ફુ) | ૧૩૮ | ૦ | | | ૧૨૭ | | |
| કુલ એકંદરે | | | | ૭૩૨૮ | ૨૬૬ | ૩.૬૩ | ૧૯ | ૧૮૬૩ | ૨૫.૪૨ | ૧૯ |
| ૩ | ચનવાડા | ૧૫ | ચનવાડા | ૧૬૮૬ | ૧૭૫ | | | ૩૪૨ | | |
| | | ૧૬ | ભીલોડીયા | ૧૨૫૧ | ૭૫ | | | ૨૮૨ | | |
| | | ૧૭ | આસોદરા | ૭૪૬ | ૧૦૮ | | | ૫૬૮ | | |
| | | ૧૮ | નાગડોલ | ૫૫૭ | ૪૧ | | | ૩૧૯ | | |
| | | ૧૯ | અરણીયા | ૪૧૭ | ૯ | | | ૧૩૪ | | |
| | | ૨૦ | આસગોલ | ૩૫૨ | ૨૩ | | | ૩૭ | | |
| | | ૨૧ | ધર્માપુરા | ૩૩૮ | ૬ | | | ૫૮ | | |
| | | ૨૨ | પરા | ૨૧૧ | ૨૭ | | | ૮૮ | | |
| | | ૨૩ | સુરજઘોડા | ૭૭ | ૦ | | | ૧૮ | | |
| કુલ એકંદરે | | | | ૫૬૩૫ | ૪૬૪ | ૮.૨૩ | ૪ | ૧૮૪૬ | ૩૨.૭૬ | ૧૮ |
| ૪ | ઢોલાર | ૨૪ | ઢોલાર | ૨૦૪૯ | ૨૧૮ | | | ૬૫૨ | | |
| | | ૨૫ | કરાલી | ૬૦૫ | ૩૦ | | | ૩૦૩ | | |
| | | ૨૬ | કડધરા | ૯૮૫ | ૧૨૭ | | | ૨૯૯ | | |
| | | ૨૭ | કડધરાપુરા | ૪૫૮ | ૦ | | | ૨૫૨ | | |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| | | ૨૮ | અબ્દલાપુરા | ૪૭૯ | ૫ | | | ૧૦૮ | | |
| | | ૨૯ | ગોજાલી | ૫૬૫ | ૩૨ | | | ૩૫૨ | | |
| | | ૩૦ | કરાલીપુરા | ૩૦૬ | ૬૭ | | | ૧૮૭ | | |
| કુલ એકંદરે | | | | ૫૪૪૭ | ૪૭૯ | ૮.૭૯ | ૩ | ૨૧૫૩ | ૩૯.૫૩ | ૧૨ |
| ૫ | કરનાળી | ૩૧ | કરનાળી | ૨૦૮૪ | ૪૮ | | | ૯૩૯ | | |
| | | ૩૨ | બગલીપુરા | ૪૨૨ | ૦ | | | ૨૬ | | |
| | | ૩૩ | ભાલોદરા | ૬૫૭ | ૨૮ | | | ૩૫૧ | | |
| | | ૩૪ | સોમપુરા | ૫૮૧ | ૨ | | | ૧૫૦ | | |
| | | ૩૫ | અકોટી | ૧૦૯૧ | ૧૫૧ | | | ૨૨૧ | | |
| | | ૩૬ | પારાગામ | ૫૮૨ | ૧૫ | | | ૧૭૧ | | |
| | | ૩૭ | ભુમસીયા | ૪૨૭ | ૨૮ | | | ૨૨૭ | | |
| | | ૩૮ | જેસંગપુરા | ૧૦૨ | ૦ | | | ૧૦૨ | | |
| કુલ એકંદરે | | | | ૫૯૪૬ | ૨૭૨ | ૪.૫૭ | ૧૮ | ૨૧૮૭ | ૩૬.૭૮ | ૧૫ |
| ૬ | કરણેટ | ૩૯ | કરણેટ | ૨૦૪૪ | ૬૮ | | | ૧૪૪૫ | | |
| | | ૪૦ | સીતપુર | ૧૮૧૩ | ૧૩૯ | | | ૭૧૪ | | |
| | | ૪૧ | જુનીમાંગરોલ | ૪૭૫ | ૧૧ | | | ૧૦૨ | | |
| | | ૪૨ | નવી માંગરોલ | ૩૯૪ | ૧૦ | | | ૧૯૮ | | |
| | | ૪૩ | ભીમપુરા(કુ) | ૧૩૪૭ | ૪૪ | | | ૬૯૫ | | |
| | | ૪૪ | બોરીયાદ | ૧૦૨૪ | ૧૨૮ | | | ૫૯૬ | | |
| કુલ એકંદરે | | | | ૭૦૯૭ | ૪૦૦ | ૫.૬૪ | ૧૫ | ૩૭૫૦ | ૫૨.૮૪ | ૨ |
| ૭ | કાયાવરોહણ-૧ | ૪૫ | કાયાવરોહણ (વોર્ડ નં. ૪ થી ૧૨) | ૫૭૫૫ | ૩૪૨ | | | ૨૩૬૫ | | |
| કુલ એકંદરે | | | | ૫૭૫૫ | ૩૪૨ | ૫.૯૪ | ૧૨ | ૨૩૬૫ | ૪૧.૦૯ | ૯ |
| ૮ | કાયાવરોહણ-૨ | ૪૭ | કાયાવરોહણ (ગ્રામ પંચાયત વોર્ડ નં. ૧ થી ૩) | ૨૬૫૪ | ૮૭ | | | ૯૬ | | |
| | | ૪૮ | મેનપુરા | ૧૦૪૮ | ૫૨ | | | ૫૪૮ | | |
| | | ૪૯ | કુવરપુરા | ૪૮૨ | ૭૧ | | | ૧૦ | | |
| | | ૫૦ | નાના ફોફળીયા | ૯૮૫ | ૧૧૫ | | | ૨૫૫ | | |
| | | ૫૧ | પુનીયાદ | ૧૫૪૪ | ૬૪ | | | ૪૭૨ | | |
| કુલ એકંદરે | | | | ૬૭૧૩ | ૩૮૯ | ૫.૭૯ | ૧૪ | ૧૩૮૧ | ૨૦.૫૭ | ૨૦ |
| ૯ | કુંઢેલા | ૫૨ | કુંઢેલા | ૨૫૧૩ | ૨૧૫ | | | ૧૦૬૧ | | |
| | | ૫૩ | મહંમદપુરા | ૫૩૯ | ૩ | | | ૧૮૪ | | |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| | | ૫૪ | મોસમપુરા | ૩૧૩ | ૦ | | | ૧૭૧ | | |
| | | ૫૫ | બહેરામપ્રુઆ | ૫૧૪ | ૨૯ | | | ૩૫૮ | | |
| | | ૫૬ | મલ્હારપુરા | ૩૭૦ | ૩ | | | ૪૭ | | |
| | | ૫૭ | વાલીપુરા | ૪૩૭ | ૦ | | | ૨૪૦ | | |
| | | ૫૮ | પલાસવાડા | ૧૪૪૭ | ૧૪૪ | | | ૭૪૪ | | |
| કુલ એકંદરે | | | | ૬૧૩૩ | ૩૯૪ | ૬.૪૨ | ૯ | ૨૮૦૫ | ૪૫.૭૪ | ૪ |
| ૧૦ | લીંગસ્થળી | ૫૯ | લીંગસ્થળી | ૧૯૩૫ | ૯૭ | | | ૭૫૩ | | |
| | | ૬૦ | કરમાલ | ૧૪૦૧ | ૭૨ | | | ૫૯૨ | | |
| | | ૬૧ | પારીખા | ૧૧૩૧ | ૮૨ | | | ૪૬૪ | | |
| | | ૬૨ | સુલ્તાનપુરા | ૫૫૯ | ૪૬ | | | ૨૨૫ | | |
| | | ૬૩ | બાણજ | ૮૩૫ | ૬૫ | | | ૪૬૦ | | |
| કુલ એકંદરે | | | | ૫૮૬૧ | ૩૬૨ | ૬.૧૮ | ૧૧ | ૨૪૯૪ | ૪૨.૫૫ | ૭ |
| ૧૧ | મંડાળા | ૬૪ | મંડાળા | ૩૪૨૭ | ૨૩૩ | | | ૧૫૮૪ | | |
| | | ૬૫ | મોટા હબીપુરા | ૧૬૮૮ | ૮૬ | | | ૫૦૪ | | |
| | | ૬૬ | કોઠારા | ૮૨૪ | ૫૪ | | | ૪૪૪ | | |
| કુલ એકંદરે | | | | ૫૯૩૯ | ૩૭૩ | ૬.૨૮ | ૧૦ | ૨૫૩૨ | ૪૨.૬૩ | ૬ |
| ૧૨ | નડા | ૬૭ | નડા | ૧૮૨૬ | ૧૧૪ | | | ૮૪૫ | | |
| | | ૬૯ | થરવાસા | ૭૩૧ | ૭૦ | | | ૨૧૫ | | |
| | | ૭૦ | બોરબાર | ૧૧૪૯ | ૭૬ | | | ૫૭૧ | | |
| | | ૭૧ | બારીપુરા | ૭૨૦ | ૯૨ | | | ૧૩૦ | | |
| | | ૭૨ | વખતપુરા | ૧૮૦ | ૧૨ | | | ૫૮ | | |
| | | ૭૩ | ફરતીકુઈ | ૮૭૭ | ૯૧ | | | ૨૮૪ | | |
| | | ૭૪ | હાંસાપુરા | ૪૩૦ | ૧૪ | | | ૧૭૩ | | |
| કુલ એકંદરે | | | | ૫૯૧૩ | ૪૬૯ | ૭.૯૩ | ૫ | ૨૨૭૬ | ૩૮.૪૯ | ૧૩ |
| ૧૩ | પણસોલી | ૭૫ | પણસોલી | ૨૨૧૩ | ૮૯ | | | ૧૫૧૩ | | |
| | | ૭૬ | વઢવાણા | ૧૩૫૭ | ૮૨ | | | ૬૦૧ | | |
| | | ૭૭ | અકોટાદર | ૧૩૯૫ | ૨ | | | ૧૨૯૪ | | |
| | | ૭૮ | કુકડ | ૧૫૦૧ | ૧૪૧ | | | ૭૨૪ | | |
| | | ૭૯ | સમશેરપુરા | ૩૮૩ | ૧૦ | | | ૩૭૧ | | |
| કુલ એકંદરે | | | | ૬૮૪૯ | ૩૨૪ | ૪.૭૩ | ૧૭ | ૪૫૦૩ | ૬૫.૭૫ | ૧ |
| ૧૪ | સાઠોદ | ૮૦ | સાઠોદ | ૩૬૮૨ | ૧૯૪ | | | ૧૫૧૬ | | |
| | | ૮૧ | પિસાઈ | ૧૩૯૬ | ૭૮ | | | ૫૪૩ | | |
| | | ૮૨ | શિરોલા | ૧૫૯૯ | ૭૪ | | | ૩૦૫ | | |
| કુલ એકંદરે | | | | ૬૬૭૭ | ૩૪૬ | ૫.૧૮ | ૧૬ | ૨૩૬૪ | ૩૫.૪૧ | ૧૬ |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| ૧૫ | સીમળીયા | ૮૩ | સીમળીયા | ૩૧૮૦ | ૧૩૪ | | | ૧૮૦૬ | | |
| | | ૮૪ | ગોપાલપુરા | ૫૧૭ | ૨૩ | | | ૩૬૧ | | |
| | | ૮૫ | અમરેશ્વર | ૭૮૮ | ૫૫ | | | ૩૧૪ | | |
| | | ૮૬ | લુણાદરા | ૨૪૫ | ૭ | | | ૧૬૭ | | |
| | | ૮૭ | બંબોજ | ૧૩૩૧ | ૧૧ | | | ૪૩૭ | | |
| | | ૮૮ | સુવાલજા | ૪૯૨ | ૦ | | | ૬૩ | | |
| કુલ એકંદરે | | | | ૬૫૫૩ | ૨૩૦ | ૩.૫૧ | ૨૦ | ૩૧૪૮ | ૪૮.૦૪ | ૩ |
| ૧૬ | તેનતલાવ | ૮૯ | તેનતલાવ | ૩૦૧૩ | ૧૫૫ | | | ૧૨૮૯ | | |
| | | ૯૧ | માનપુરા | ૩૭૧ | ૧૯ | | | ૯૩ | | |
| | | ૯૨ | સણોર | ૧૨૫૮ | ૧૦૪ | | | ૩૯૮ | | |
| | | ૯૩ | રાજપુરા | ૭૫૯ | ૯૨ | | | ૧૯૮ | | |
| | | ૯૪ | ગુમાનપુરા | ૩૬૫ | ૦ | | | ૫૭ | | |
| | | ૯૫ | ઓરડી | ૭૪૨ | ૧૦ | | | ૨૧૧ | | |
| કુલ એકંદરે | | | | ૬૫૦૮ | ૩૮૦ | ૫.૮૪ | ૧૩ | ૨૨૪૬ | ૩૪.૫૧ | ૧૭ |
| ૧૭ | થુવાવી | ૯૬ | થુવાવી | ૨૬૫૧ | ૨૧૩ | | | ૧૦૪૪ | | |
| | | ૯૭ | ભીલાપુર | ૨૨૯૦ | ૨૦૬ | | | ૯૯૭ | | |
| | | ૯૮ | નવાપુરા | ૩૫૬ | ૦ | | | ૪૨ | | |
| | | ૯૯ | અંબાવ | ૮૫૧ | ૫૯ | | | ૫૯૩ | | |
| | | ૧૦૧ | બનૈયા | ૩૩૮ | ૯ | | | ૧૩૧ | | |
| કુલ એકંદરે | | | | ૬૪૮૬ | ૪૮૭ | ૭.૫૧ | ૬ | ૨૮૦૭ | ૪૩.૨૮ | ૫ |
| ૧૮ | વડજ | ૧૦૨ | વડજ | ૨૨૬૬ | ૧૨૮ | | | ૧૩૩૦ | | |
| | | ૧૦૩ | ગામડી (ક) | ૯૮૧ | ૭૨ | | | ૧૮૦ | | |
| | | ૧૦૪ | કનાયડા | ૧૪૨૧ | ૮૪ | | | ૩૬૪ | | |
| | | ૧૦૫ | ધર્મપુરી | ૧૭૩૨ | ૧૮૯ | | | ૮૦૬ | | |
| કુલ એકંદરે | | | | ૬૪૦૦ | ૪૭૩ | ૭.૩૯ | ૭ | ૨૬૮૦ | ૪૧.૮૮ | ૮ |
| ૧૯ | વણાદરા | ૧૦૬ | વણાદરા | ૨૫૩૧ | ૧૫૨ | | | ૮૬૩ | | |
| | | ૧૦૭ | વાયદપુરા | ૯૪૩ | ૧૦૪ | | | ૫૩૧ | | |
| | | ૧૦૮ | માવલી | ૯૬૨ | ૭૨ | | | ૪૮૨ | | |
| | | ૧૦૯ | ભાવપુરા | ૩૫૦ | ૦ | | | ૨૬૪ | | |
| | | ૧૧૦ | કુવરવાડા | ૧૦૧૪ | ૭૫ | | | ૨૭૩ | | |
| | | ૧૧૧ | રસુલપુરા | ૩૭૬ | ૧૯ | | | ૨૧૦ | | |
| | | ૧૧૨ | સેગુવાડા | ૮૪૦ | ૯૦ | | | ૨૩૪ | | |
| કુલ એકંદરે | | | | ૭૦૧૬ | ૫૧૨ | ૭.૩૦ | ૮ | ૨૮૫૭ | ૪૦.૭૨ | ૧૦ |

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| ૨૦ | વસઈ | ૧૧૩ | વસઈ | ૧૮૬૦ | ૧૮૨ | | | ૮૭૦ | | |
| | | ૧૧૪ | વસઈપુરા | ૫૩૪ | ૯ | | | ૫૧ | | |
| | | ૧૧૫ | મોરપુરા | ૪૯૨ | ૧૦ | | | ૨૨૮ | | |
| | | ૧૧૭ | પુડા | ૮૫૮ | ૧૦૫ | | | ૨૫૧ | | |
| | | ૧૧૮ | દંગીવાડા | ૭૩૭ | ૧૦૭ | | | ૨૧૬ | | |
| | | ૧૧૯ | નારણપુરા | ૧૮૦ | ૦ | | | ૧૨ | | |
| | | ૧૨૦ | પ્રયાગપુરા | ૪૨૫ | ૫૮ | | | ૨૬૨ | | |
| કુલ એકંદરે | | | | ૫૦૮૬ | ૪૭૧ | ૯.૨૬ | ૧ | ૧૮૯૦ | ૩૭.૧૬ | ૧૪ |
| | | | | **૧૨૫૬૨૩** | **૭૯૯૧** | | | **૫૦૬૯૦** | | |

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫ (૩) તથા ૬ (૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૨૦ | વસઈ | ૧ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| ૧૩ | પણસોલી | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૬ | કરણેટ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૫ | સીમળીયા | ૩ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૯ | કુંઢેલા | ૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૭ | થુવાવી | ૫ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૧ | મંડાળા | ૬ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૦ | લીંગસ્થળી | ૭ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૮ | વડજ | ૮ | અનુસૂચિત આદિજાતિ |

૧૫. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૧ | અંગૂઠણ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૨ | ચાંદોદ | સા.શૈ. પછાતવર્ગ |

૧૬. નિયમોના નિયમ-૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૩ | ચનવાડા | સામાન્ય સ્ત્રી |
| ૪ | ઢોલાર | સામાન્ય સ્ત્રી |
| ૫ | કરનાળી | સામાન્ય સ્ત્રી |
| ૭ | કાયાવરોહણ-૧ | સામાન્ય સ્ત્રી |
| ૮ | કાયાવરોહણ-૨ | બિન અનામત સામાન્ય |
| ૧૨ | નડા | બિન અનામત સામાન્ય |
| ૧૪ | સાઠોદ | બિન અનામત સામાન્ય |
| ૧૬ | તેનતલાવ | બિન અનામત સામાન્ય |
| ૧૯ | વણાદરા | બિન અનામત સામાન્ય |

૧૭. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી,તા. ૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી. તા. ૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ ની જોગવાઈ મુજબ તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરશે.

પંચાયત વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા. ૧૦-૦૫-૨૦૧૦થી નિયમ-૪માં થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ. ૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫ થી માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે.

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના થશે નહીં)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં (સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) નિયમાનુસાર બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

સને-૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે આગામી સામાન્ય ચૂંટણી માટે નવું સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

૧૮. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે નિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો નંબર** | **મતદાર મંડળનું નામ** | **મતદાર મંડળનો ખાસ ક્રમાંક** | **ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| અનુસૂચિત જાતિ | | | |
| ૪ | ઢોલાર | ૩ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| ૭ | કાયાવરોહણ-૧ | ૯ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧ | અંગૂઠણ | ૧૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨ | ચાંદોદ | ૧૯ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૮ | કાયાવરોહણ-૨ | ૨૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૩ | પણસોલી | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૬ | કરણેટ | ૨ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૫ | સીમળીયા | ૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૯ | કુંઢેલા | ૪ | અનુસૂચિત આદિજાતિ |

૧૯. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૩ | ચનવાડા | સા. શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | કરનાળી | સા. શૈ. પછાતવર્ગ |

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિનઅનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૧૨ | નડા | સામાન્ય સ્ત્રી |
| ૧૪ | સાઠોદ | સામાન્ય સ્ત્રી |
| ૧૬ | તેનતલાવ | સામાન્ય સ્ત્રી |
| ૧૭ | થુવાવી | સામાન્ય સ્ત્રી |
| ૧૦ | લીંગસ્થળી | બિન અનામત સામાન્ય |
| ૧૧ | મંડાળા | બિન અનામત સામાન્ય |
| ૧૮ | વડજ | બિન અનામત સામાન્ય |
| ૧૯ | વણાદરા | બિન અનામત સામાન્ય |
| ૨૦ | વસઇ | બિન અનામત સામાન્ય |

૨૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે હેઠળના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ વડોદરા જિલ્લાની ડભોઇ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનો અને મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને આખરી સ્વરૂપ આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાનાં થાય છે.

આથી, આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાને પણ આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઇ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૫-ડભોઈ-તા. પં.-૨૦૨૬, તા.૨૫-૦૨-૨૦૨૬નું બિડાણ**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામ : વડોદરા** **તાલુકા પંચાયતનું નામ : ડભોઇ**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ડભોઇ | ૧ | અંગુઠણ | ૨ | ૧૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૨ | ચાંદોદ | ૧૯ | ૧૯ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૩ | ચનવાડા | ૪ | ૧૮ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | ૪ | ઢોલાર | ૩ | ૧૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| | | ૫ | કરનાળી | ૧૮ | ૧૫ | સા.શૈ. પછાતવર્ગ |
| | | ૬ | કરણેટ | ૧૫ | ૨ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૭ | કાયાવરોહણ-૧ | ૧૨ | ૯ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૮ | કાયાવરોહણ-૨ | ૧૪ | ૨૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૯ | કુંઢેલા | ૯ | ૪ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૦ | લીંગસ્થળી | ૧૧ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | ૧૧ | મંડાળા | ૧૦ | ૬ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | નડા | ૫ | ૧૩ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૩ | પણસોલી | ૧૭ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૪ | સાઠોદ | ૧૬ | ૧૬ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૫ | સીમળીયા | ૨૦ | ૩ | અનુસૂચિત આદિજાતિ |

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | | ૧૬ | તેનતલાવ | ૧૩ | ૧૭ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૭ | થુવાવી | ૬ | ૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૧૮ | વડજ | ૭ | ૮ | બિન અનામત સામાન્ય |
| | | ૧૯ | વણાદરા | ૮ | ૧૦ | બિન અનામત સામાન્ય |
| | | ૨૦ | વસઈ | ૧ | ૧૪ | બિન અનામત સામાન્ય |

**આર. જી. ગોહિલ,**

સચિવ

---

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**વડોદરા જિલ્લાની વાઘોડીયા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત)ની રચના અંગેનો પ્રાથમિક આદેશ**

**ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૫-વાઘોડીયા-તા.પં.-૨૦૨૬**

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ ૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા. ૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૯૬૮-જ, તા. ૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: KPV-69-DC-ELC-L-4-TP-32-2025, તા.૨૩-૧૨-૨૦૨૫ના (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે વાઘોડીયા તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી | બિનઅનામત સામાન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| વડોદરા | વાઘોડીયા | ૨૦ | ૦ | ૧ | ૩ | ૩ | ૨ | ૧ | ૫ | ૫ |

૨. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ ૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શક્ય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૩. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ ૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ ૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ ૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે:

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી સૌથી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળો રચવામાં આવ્યાં હોય તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારુ ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાનાં થતાં હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ નો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૧૦ થી ૧૫ નો સમાવેશ છે તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે સૌથી નીચેના ક્રમાંક મુજબના લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, લખતર ગામના વોર્ડ નં. ૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં. ૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપાયા પછી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " સામાન્ય ક્રમાંક " કહેવાશે તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ-૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૭. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ૨, ૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી જે તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે અંગે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું નિહિત થયું છે.

૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭ માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે(તે વર્ગની મહિલાઓ સહિત)ની અનામત બેઠકોની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળોના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ ૧૬(૨) તથા ગુજરાત તાલુકા તથા જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શક્ય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે એકસરખી જ રાખવાનું શક્ય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની અન્ય સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો / અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધે પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલવે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગને મોકળાશ આપી છે.

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી, ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકે છે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ-૧૬ તથા નિયમોના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાની વસતી ૧૨૬૩૧૬ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૬૩૧૬ હોવી જોઈએ. જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ ૭૨૬૩ તથા લઘુત્તમ ૫૩૬૮ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ એક જ તાલુકામાં આવેલ કોઈ જૂથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલવે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | ૫ | ગોરજ | ૭૩૨૨ | (+) ૦.૮૧ |
| ૨ | ૧૪ | રવાલ | ૭૪૯૮ | (+) ૩.૨૩ |
| ૩ | ૧૭ | સિકંદરપુરા | ૭૪૭૯ | (+) ૨.૯૭ |
| ૪ | ૪ | આસોજ | ૫૧૪૪ | (-)૪.૧૭ |
| ૫ | ૮ | કામરોલ | ૫૩૫૪ | (-)૦.૨૬ |
| ૬ | ૯ | ખેડા કરમસીયા | ૫૩૩૧ | (-)૦.૬૮ |

૧૩. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ સુરેન્દ્રનગર જિલ્લાની વાઘોડીયા તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનુ નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસતી | મતદાર મંડળની અનુસૂચિત જાતિની | | | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | ગામનું નામ | | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક | વસતી | ટકાવારી | ખાસ ક્રમાંક |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪ | ૫(૧) | ૫(૨) | ૫(૩) | ૬(૧) | ૬(૨) | ૬(૩) |
| ૧ | અડીરણ | ૧ | અડીરણ | ૨૪૨૩ | ૬૨ | | | ૨૩૭ | | |
| | | ૨ | સરણેજ | ૨૨૯૭ | ૩૨ | | | ૫૮૫ | | |
| | | ૩ | ખંડીવાડા | ૧૦૩૩ | ૧૫ | | | ૨૩૧ | | |
| | | | કુલ એકંદરે | ૫૭૫૩ | ૧૦૯ | ૧.૮૯ | ૧૩ | ૧૦૫૩ | ૧૮.૩૦ | ૧૮ |
| ૨ | અલવા | ૧ | અલવા | ૨૦૬૬ | ૧૧૬ | | | ૩૪૦ | | |
| | | ૨ | ગજાદરા | ૧૬૮૫ | ૩૯ | | | ૭૨૩ | | |
| | | ૩ | ભાડોલખુર્દ | ૪૫૮ | ૧૯ | | | ૮૩ | | |
| | | ૪ | કમલાપુરા | ૪૩૩ | ૦ | | | ૨૯૦ | | |
| | | ૫ | ઉમરવા | ૧૦૯૦ | ૧૭ | | | ૩૬૪ | | |
| | | ૬ | રોપા | ૬૩૩ | ૫૫ | | | ૧૩૫ | | |
| | | ૭ | મસ્તુપુરા | ૪૮૭ | ૪૫ | | | ૨૬૦ | | |
